# અરવલ્લી જિલ્લાના મોડાસામાં મફત ચંપલનું વિતરણ કરાયું

મોડાસા, તા. ૧૮

આમ તો માનવ સેવા એજ પ્રભુ સેવા કહેવાય છે અને લોકો આ સેવા માટે કેટ કેટલાયે તીર્થ કરે છે અને ગરીબોને મદદ કરવામાં અવનવી સંસ્થાઓમાં પણ દાનનો પ્રવાહ વહેતો કરે છે. પણ ખરેખર ધર્મ અનુસાર કહેવા જઈએ તો પોતાના હાથે જ કરેલુ દાન પોતે અને તેમના સ્વજનો પામતા હોય છે. ત્યારે આ ઉનાળાની ગરમીની ઋતુ શરૂ થઈ ગયેલ છે અને આવી કાળઝાળ ગરમીમાં લોકોને બે ટંક ખાવાના રોટલાના ફાંફા હોય ત્યાં તો પહેરામણીની શું વાત. ત્યારે અરવલ્લી જિલ્લામાં આવો જ એક કિસ્સો જોવા મળ્યો કે એક મુસ્લિમ પરિવાર દ્વારા સમગ્ર મોડાસા પંથકમાં હિંદૂ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, કોઈપણ નાતજાતના ભેદભાવ વગર સેવા કરવાની ભાવનાથી કોઈ પણ વ્યક્તિ હોય તેને સિંકદરભાઈ સુથાર (રાજાબાબુ) અને તેમના પુત્ર દ્વારા દરેક ગરીબ વ્યક્તિને મફતમાં ચંપલ વિતરણ કરવાનું શરૂ કરેલ છે. ત્યારે અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ ગરીબ લોકોને આ ચંપલનો લાભ લીધો છે. જોવા જઈએ તો સરકારનો એક અભિયાન છે સૌ ભણે સૌ આગળ વધે... તેવા ભણવા જતા નાનાં બાળકોને ઉગાડા પગે શાળાઓમાં જતા આ ગરમીમાં ફોલ્લા પડી જતા હોય છે તે જોઈ આ સિકંદરભાઈને સેવા જ કરાવી હતી. તો તેમને આવા ગરીબ વિદ્યાર્થીઓ અને પેટીયું રડતા અને ઉગાડા પગે ફરતા આવા ગરીબોને ચંપલ આપી સેવા કરવાનું શરૂ કર્યુ છે. જેને સેવા જ કરાવી હોય તે કોઈ પણ રીતે સેવા કરી શકે છે.



# નેશનલ ક્રેડીટ એન્ડ અર્બન કો.ઓ. બેન્કીંગ સમીટ અમદાવાદ ખાતે યોજાયો

ગુજરાત સ્ટેટ કો.ઓ. ક્રેડીટ સોસાયટીઝ ફેડરેશન, રાજ્ય સહકારી સંઘ અને બિઝનેસ વર્લ્ડ મેગેઝીનના સંયુક્ત ઉપક્રમે 'નેશનલ ક્રેડીટ એન્ડ અર્બન કો.ઓ. બેન્કીંગ સમીટ'-૨૦૧૮ શનિવારના રોજ અમદાવાદની હોટલ હયાતમાં યોજાઈ ગયો. આ સેમીનારમાં રાજ્યભરની કો.ઓ. બેંક તેમજ ક્રેડીટ સોસાયટીઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સેમીનારનું ઉદ્દઘાટન રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કર્યું હતું. કુલ ચાર સેશનમાં કો.ઓ. સેક્ટરમાં ઉપયોગી ટેકનોલોજી તેમજ જરૂરી માર્ગદર્શન હાજર નિષ્ણાંતો દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું.

અમદાવાદની હયાત હોટલમાં વિવિધ કંપનીઓ ટેકનોલોજીનો કો.ઓ. સેક્ટરમાં ઉપયોગ સંદર્ભે સ્પોન્સર બનીને યોજાયેલ નેશનલ ક્રેડિટ એન્ડ અર્બન કો.ઓ. બેન્કીંગ સમિટ-૨૦૧૮માં હાજર રાજ્યની કો.ઓ. બેંક તથા ક્રેડીટ સોસાયટીઓના પ્રતિનિધિઓને સૌ પ્રથમ પોતાના ઉત્પાદન અંગેની માહિતી પુરી પાડી હતી. સેમિનારનું રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે ઉદ્દઘાટન કરી કો.ઓ. સેક્ટરમાં



ટેકનોલોજીનો વિશેષ ઉપયોગ થાય તે ઉપર ભાર મુક્યો હતો. આ સેમિનારમાં કો.ઓપ. બેંક ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી અને ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડીટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેન ઘનશ્યામભાઈ એચ. અમીન પ્રમુખ સ્થાને બિરાજ્યા હતા. તો અતિથિ વિશેષ તરીકે નાફસ્કોબ મુંબઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગુજરાત સ્ટેટ કો.ઓપ. એગ્રી. એન્ડ રૂરલ ડેવ. બેંક લિ.ના ચેરમેન ધિરેનભાઈ ચૌધરી તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. સવારથી શરૂ થયેલા આ સેમિનારમાં પ્રતિનિધિઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પધારેલા મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું. સેમિનારમાં પ્રથમ સેશન ડીઝીટલ ટ્રાન્સફોર્મેશન, ટેકનોલોજી સેશન, બિજુ સેશન સાયબર સીક્યુરીટી, ત્રીજુ સેશન ક્રેડીટ સોસાયટીના પ્રશ્નો અને તેની ભૂમિકા અને ચોથુ સેશન કેશલેશ ઉપર વધારે ભાર મુકવા બાબતે યોજાયું હતું. દરેક સેશનમાં વિષય નિષ્ણાંતો હાજર રહી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

# મધ્યપ્રદેશના રાજયપાલશ્રી શ્રીમતી આનંદીબહેન વિજાપુર-ખરોડની મુલાકાતે

મહેસાણા, તા. ૧૮

મધ્યપ્રદેશના રાજ્યપાલ અને વિજાપુર તાલુકાના ખરોડ ગામના પનોતા પુત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સામાજિક પ્રસંગે માદરે વતન વિજાપુર-ખરોડની મુલાકાત કરી હતી. સામાજિક પ્રસંગે ખરોડ આવેલા પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનું વિજાપુર વાસીઓ, ખરોડ ગ્રામજનો, ખરોડની સામાજિક સંસ્થાઓ, ખરોડના પડોશી ગ્રામજનો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રીને મહિલા પોલીસ વીંગ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

સામાજિક કાર્યક્રમમાં ઉપસ્થિત મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે આજે પાણી એ વૈશ્વિક સમસ્યા બની છે. પાણીનો જરૂરીયાત મુજબ ઉપયોગ કરી ભવિષ્યની પેઢીનો વિચાર કરી જળ બચાવવું જરૂરી છે. જળ એ જ જીવન છે. જળ વગરની સૃષ્ટિની કલ્પના જ અશકય છે. આજના યુગમાં નિરંતર પાણીની સમસ્યા વિકટ બનતી જાય છે. આ પરિસ્થિતિનું સર્જન કરનાર માનવી જ છે તો તેમાંથી માર્ગ પણ માનવીએ જ શોધવાનો છે. પાણીનો મહત્તમ ઉપયોગ ખેતીમાં થાય છે. જેથી ખેડુતો ખેતરમાં ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીંકલર અપનાવે તો ૭૦ ટકા પાણીની બચત થઈ શકે તેમ ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતું.

મધ્યપ્રદેશના રાજયપાલશ્રી આનંદીબહેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે મધ્યપ્રદેશને છઠ્ઠી વાર કૃષિ કર્મઠ એવોર્ડ મળ્યો છે સમગ્ર દેશમાં સૌથી વધુ સ્પ્રીંકલર અને ડ્રીપ ઈરીગેશનનો ઉપયોગ કરી મહત્તમ ઉત્પાદન મેળવ્યું છે. જમીન, હવા, પાણી, જંગલો, અને ઉર્જા કુદરતી સંશાધનો આપણને કુદરત દ્વારા અમુલ્ય ભેટ મળી છે. જો આ કુદરતી સંશાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો ભવિષ્યની પેઢીને આ કુદરતી સંશાધનો વારસામાં આપી શકાય. આ કુદરતી સંપતિનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો આપણા અને ભાવિ પેઢી માટે હિતાવહ છે.

આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પટેલ, નિવાસી અધિક કલેકટર રમેશ મરેજા, પ્રાન્ત અધિકારી વી.જી. રોર, અગ્રણી નિતીનભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય કાન્તીભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# મોડાસા નગરપાલિકાના કોર્પોરેટરો લોકશાહીના વિશેષ અભ્યાસ અર્થે ત્રિ-દિવસીય પ્રવાસે

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરનું વર્ષ ૨૦૧૮-૧૯ નું બજેટ શાંતિપૂર્ણ સર્વાનુમતે મંજુર થયા બાદ નગર પાલિકાના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ત્રિ-દિવસીય શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત દિલ્હીની લટાર મારવા જશે. શૈક્ષણિક પ્રવાસમાં ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના કોર્પોરેટરો પણ જોડાશે અને આ અંગેનો નગરપાલિકામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હોવાનું નગરપાલિકાના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

મોડાસા નગરપાલિકાના પ્રમુખ સહીત ૧૮ જેટલા નગર સેવકો ૧૮ માર્ચે લોકશાહીના વિશેષ અભ્યાસ અર્થે ત્રિ-દિવસીય શૈક્ષણિક પ્રવાસ નગરપાલિકાના ખર્ચે દિલ્હીમાં સંસદભવન વાઘા બોર્ડર સહીત અન્ય સ્થળોની મુલાકાત કરશે. આ પ્રવાસમાં શાશક પક્ષ ભાજપ, વિરોધ પક્ષ કોંગ્રેસ અને અપક્ષમાંથી ચૂંટાયેલા નગરસેવકો પણ સામેલ હોવાનું જાણવા મળ્યું હતું. મોડાસા નગરપાલિકાના કોર્પોરેટરોનો શૈક્ષણિક પ્રવાસ હાલ શહેરમાં ભારે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને શૈક્ષણિક પ્રવાસના નામ હેઠળ પ્રજાના પૈસે તાગડધિન્ના કરવા જતા હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. બીજી બાજુ કોર્પોરેટરો પ્રવાસ માટે અતિ ઉત્સાહિત હોવાનું જાણવા મળ્યું હતું.



**ધનસુરામાં યુવાનો દ્વારા બનાવાયેલ પ્રયાસ ગ્રુપ દ્વારા ઠંડા મિનરલ પાણીની પરબ**

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં ઉનાળો શરૂ થતા સમાજસેવી પ્રયાસ ગ્રુપે ગામલોકો અને રાહદારીઓને ગરમીમાં રાહત મળે એ હેતુથી ઠંડા મિનરલ પાણીની પરબો વિવિધ જગ્યાએ શરૂ કરી છે. લોકોએ પ્રયાસ ગ્રુપના આ કાર્યની સરાહના કરી હતી. ગરમીમાં ધનસુરા આવતા આજુબાજુના ગામલોકોને પીવાનું પાણી શુદ્ધ અને નિઃશુલ્ક મળી રહે તે હેતુથી પ્રયાસ ગ્રુપ દ્વારા આ સરાહનીય કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જેનાથી ધનસુરા તાલુકાનું મુખ્ય મથક હોવાથી આજુબાજુથી આવતા ગામલોકો અને ગામલોકોને આનો લાભ મળશે. પ્રયાસ ગ્રુપના આનંદ પટેલ, જીતેન્દ્ર ચોપડા, આકાશ બ્રહ્મભટ્ટ, જીગ્નેશ પ્રજાપતિ, જય જોષી, રાજેશ વાઘેલા સાહિતના યુવાનોએ આ સરાહનીય કાર્ય કરતા લોકોએ તેમના આ કાર્યની સરાહના કરી હતી.

# ઘોરવાડામાં થયેલી હત્યા સંદર્ભે એકની અટકાયત

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર તાલુકાના ઘોરવાડા ગામે એક મકાનમાંથી ૪૫ વર્ષના એક યુવાનની હત્યા કરી દઈ જમીનમાં દાટી દીધેલો મૃતદેહ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસે કબજે લઈ વધુ તપાસ કરતા આ હત્યામાં સંડોવાયેલા મનાતા પ્રાંતિજ તાલુકાના એક ગામના તથા ગુનાહિત માનસ ધરાવતા શખ્સની મોડી રાતે અટકાયત કરાયા બાદ તેની વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચૌધરીના જણાવાયા મુજબ ઘોરવાડા ગામના અને હાલ હિંમતનગરમાં આવેલ દરીયાઈ પાર્કમાં પુત્રના ઘરે રહેતા કાસમભાઈ મનસુરી થોડા દિવસ અગાઉ તેમના પુત્ર અજીજે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. દરમિયાન શુક્રવારે કાસમભાઈના ઘરમાંથી ખુબજ દુર્ગંધ આવતા પડોશીઓ દ્વારા પોલીસને જાણ કરાઈ હતી.

જે અંગે ગ્રામ્ય પોલીસે ઘોરવાડા ગામે જઈ કાસમભાઈના મકાનમાં તપાસ કરતા તેમની ઈજા પહોંચાડી હત્યા કરાયેલી તથા જમીનમાં ખાડો કરી દાટી દેવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. બીજી તરફ આસપાસના વિસ્તારમાં લોકોના જણાવ્યા મુજબ કાસમભાઈના ઘરમાં સોનાના ચરૂ દટાયેલા હોવાની વાત એક તાંત્રિકે કરતા છેલ્લા કેટલાક સમયથી કેટલાક લોકો કાસમભાઈના ઘરે આવતા હતા એવુ માનવામાં આવે છે કે કાસમભાઈના ઘરે આવતા આ શખ્સોએ તાંત્રિકના જણાવ્યા મુજબ વિધી કર્યા બાદ સોનાના ચરૂ ન મળતા હતાશ થયેલા આ શખ્સોએ કાસમભાઈ પર ત્રિકમ કે પાવડાના હાથા વડે ઈજા પહોંચાડી તેમના ઘરમાં રાત્રીના સમયે દાટી દઈ તેઓ ભાગી ગયા હોવાનું પોલીસનું માનવું છે.

પોલીસે તપાસ બાદ અને તેમા મળેલી કેટલીક કડીઓને આધારે પ્રાંતિજ તાલુકાના એક ગામના અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા કાળુસિંહ મકવાણા નામના શખ્સની શુક્રવારે મોડી રાતે અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. પોલીસનું એવુ અનુમાન છે કે આ હત્યા કરવામાં એક કરતા વધુ શખ્સો સંડોવાયેલા હોવાની શક્યતા નકારી શકાતી નથી જો કે આગામી ત્રણ ચાર દિવસમાં પોલીસ ઘટનાના મૂળ સુધી પહોંચી જઈ તેમાં સંડોવાયેલા શખ્સોને ઝડપી લેવા માટે ઘડાયેલી વ્યુહરચનાને આખરી ઓપ આપી તે દિશામાં તપાસ તેજ બનાવી દીધી છે.

# આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડનો આઈપીઓ ૨૨ માર્ચે ખુલશે

આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમમીટેડ કંપનીએ ૨૨ માર્ચ, ૨૦૧૮ને ગુરુવારનાં રોજ કિંમત પર કેશ માટે શેરદીઠ રૂ. પની ફેસ વેલ્યુ ધરાવતા ૭૭,૨૪૯,૫૦૮ ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેમાં આઈસીઆઈસીઆઈ બેંક લિમમિટેડ (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા ૭૭,૨૪૯,૫૦૮ ઈક્વિટી શેર સુધીનાં વેચાણ માટેની ઓફ મારફતે શેર પ્રીમિયમ સામેલ છે. જેમાં શેર પ્રીમિયમ સહિત કિંમત પર રોકડ માટે આઈસીઆઈસીઆઈ બેંક શેરધારકો દ્વારા ખરીદી માટે ૩,૮૬૨,૪૭૫ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન સામેલ છે. ઓફરમાં પોસ્ટ - ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૩.૯૮ ટકા હિસ્સો અને ચોખ્ખી ઓફર પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૨.૭૮ ટકા હિસ્સો સામેલ છે. ઈક્વિટી શેરદીઠ પ્રીઝ બેન્ડ રૂ. ૫૧૯ થી રૂ. ૫૨૦ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુત્તમ ૨૮ ઈક્વિટી શેરનાં લોટ માટે અને પછી ૨૮ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.

બિડ / ઓફર ૨૬ માર્ચ ૨૦૧૮ને સોમવારે બંધ થશે. સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા રેગ્યુલેશન્સ, ૨૦૦૯, જેમાં સમયેસમયે થયેલા સુધારા મુજબ પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર એન્કર ઈન્વેસ્ટર્સ દ્વારા સહભાગીદારીનો વિચાર લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ / ઓફરનો ગાળો ૨૧ માર્ચ, ૨૦૧૮ એટલે કે બિડ ઈસ્યૂ ખુલવાની તારીખનાં એક દિવસ અગાઉ રહેશે.

## આંધ્રમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના નેટવર્કને ફેલાવવા માટે તક આપી દીધી છે અને અમે આ તકને ઝડપી રહ્યા છીએ. અમિત શાહે કહ્યું હતું કે, પાર્ટી પોતાની તાકાત ઉપર ચૂંટણી લડવા માટે તૈયાર છે. કારણ કે, ભાજપ ગઠબંધનની રાજનીતિમાં મજબૂતપણે વિશ્વાસ રાખે છે પરંતુ જ્યાં એકલા હાથે લડવાની જરૂર છે ત્યાં એકલા હાથે ચૂંટણી લડવામાં આવશે. ઉત્તરપ્રદેશ, ત્રિપુરા અને જુદા જુદા રાજ્યોમાં શાનદાર દેખાવ કરી રહ્યા છીએ.

આ બેઠકમાં હાજરી આપનાર ભાજપના જનરલ સેક્રેટરી રામ માધવે કહ્યું છે કે, કેન્દ્ર સરકારે રાજ્ય માટે ઘણુ બધુ કામ કર્યું છે. ભવિષ્યમાં વધુ કામ કરવામાં આવશે. ભાજપ આંધ્રપ્રદેશના લોકો સમક્ષ વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરીશું. ઉપરાંત આંધ્રપ્રદેશના ભાજપ વડા કે હરિબાબુએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી. ભાજપ આંધ્રપ્રદેશમાં જોરદાર લડત આપવા માટે તૈયાર છે. આંધ્રમાં પહેલાથી જ ટીડીપી અને વાયએસઆર કોંગ્રેસ મજબૂત પાર્ટી છે પરંતુ આંધ્રપ્રદેશના ખાસ રાજયના દરજ્જાના મુદ્દે બિનજરૂરી હોબાળો મચાવવામાં આવી રહ્યો છે. લોકસભામાં આ બંને પાર્ટીઓ દ્વારા મોદી સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી છે. રાજ્યમાંથી લોકસભામાં ૨૫ સાંસદો છે. આંધ્રપ્રદેશમાં આગામી વર્ષે સંસદીય ચૂંટણીની સાથે જ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં આંધ્રપ્રદેશ ઉપર ભાજપ સંપૂર્ણ ધ્યાન કેન્દ્ર કરે તેવી શક્યતા છે. નાયડૂએ આગામી બે દિવસ સુધી સાવચેતી રહેવા માટે પણ કહેવામાં આવ્યું છે.

## આર્થિક સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારે જે વચનો આપી રહ્યા હતા તે હજુ પુરા થયા નથી. મોદીએ દર વર્ષે બે કરોડ લોકોને રોજગારી આપવાની ખાતરી આપી હતી પરંતુ હજુ સુધી બે લાખ રોજગાર પણ આપી શકાયા નથી. સોનિયા ગાંધીની લીડરશીપમાં કોંગ્રેસની સફળતાની આશા દર્શાવતા તેમણે કહ્યું હતું કે, અમે કોંગ્રેસને નવી ઉંચાઈ ઉપર લઈ જઈશું. મનમોહનસિંહે પોતાના સંબોધનમાં દેશની સામે રહેલી અન્ય અનેક સમસ્યાઓ અંગે પણ વાત કરી હતી. જમ્મુ કાશ્મીરમાં પ્રવર્તી રહેલી સ્થિતિ અંગે ખાસ કરીને આતંકવાદની સમસ્યા ઉપર વાત કરી હતી. અર્થતંત્રની જે હાલત રહેલી છે તેની પણ વાત કરી હતી. નોટબંધી- જીએસટીના પરિણામ સ્વરૂપે આર્થિક મંદીની સ્થિતિનો ઉલ્લેખ કર્યો હતો.

## બેઠક યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંજે ચાર વાગ્યાની આસપાસ બંને નેતાઓ વચ્ચે બેઠક થશે. ચોથી માર્ચના દિવસે મમતા બેનર્જીએ રાવ સાથે ફોન ઉપર વાત કરી હતી અને પોતાના સમર્થનની જાહેરાત કરી હતી.

સંચાલનમાં વ્યૂહાત્મક ફેરફાર લાવવા માટે રાષ્ટ્રીય રાજનીતિમાં ભૂમિકા ભજવવા તેઓ તૈયાર છે તેવા ચંદ્રશેખર રાવના નિવેદન બાદ મમતા બેનર્જીએ સાથે રહેવાની વાત કરી હતી. બેનર્જીએ રાવને કહ્યું હતું કે, અમે આપની સાથે છીએ. અત્રે નોંધનીય છે કે, કેન્દ્રમાં કોંગ્રેસ અને ભાજપની સરકારો વારંવાર રહી છે. આવી સ્થિતિમાં રાવનો આક્ષેપ છે કે, બંનેના લીધે દેશની વિકાસની ગતિ રોકાઈ ગઈ છે. રાવે એમ પણ કહ્યું છે કે, તેઓ તેમના જેવી વિચારધારા ધરાવતા લોકો સાથે વાતચીત કરશે અને દેશના વિકાસ માટે એજન્ડાની રચના કરવા નેતાઓને ભેગા કરશે. રાવ દ્વારા શ્રેણીબદ્ધ બેઠકો યોજવાનો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે.

## મેદાનમાં ઉતારશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસ કહે છે કે ૧૮ સભ્યો અમારા ચૂંટાયેલા છે તો અમને બે અપક્ષોનો ટેકો મળતાં અમે સત્તા હાંસલ કરીશુ. તો ભાજપ બે અપક્ષોનો ટેકો હોવાની વાત કહી કોંગ્રેસના બે થી ત્રણ સભ્યોને ગેરહાજર રાખવાની ચાલ ચાલી કોંગ્રેસના ગઢમાં ગાબડુ પાડવા માટે સુસજ્જ ચાલ ચાલી રહેલ છે.

તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીએ સમગ્ર તાલુકામાં રાજકીય ઉત્તેજના જગાવી છે. જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયત કોણ લઈ જાય છે તે મંગળવારે સ્પષ્ટ થઈ જશે.

મંગળવારે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મળનારી બેઠકને લઈ તંત્રએ પણ તૈયારીઓ હાથ ધરી દીધી છે. અને કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## કાયદા અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

પ્રીકોશનરી એકટના કારણે કેમ્પના આયોજકો અને સેવા આપનાર ડોકટર સામે ફરીયાદ કરેલ જે કેમ્પના આયોજકોએ ભારત સરકારના માર્ગદર્શનનો અમલ કરેલ ના હોવાનું પુરવાર થતા એક આંખ ગુમાવનારને ૪૦,૦૦૦/- વળતર, મૃત્યુ પામનારને ૫૦,૦૦૦/- , બે આંખ ગુમાવનારને ૭૫,૦૦૦/- તથા બે આંખ ગુમાવી હોય અને જીવીત હોય તેવી વ્યક્તિને ૧,૫૦,૦૦૦/- વળતર આયોજકો તથા ડોકટરને ચુકવવા કર્ણાકટ હાઈકોર્ટે હુકમ કરેલ તથા પબ્લીક લીટીગેશન કરનાર અરજદારને ખર્ચના ૫૦૦૦/- અલગથી ચુકવવા હુકમ કરેલ.

દર્દી તથા ડોકટરના સબંધો વિશ્વાસનીયતા ઉપર ટકેલા છે. દર્દીના રોગની વિગતો જાહેર કરવીએ પ્રતિબંધ છે દર્દીની તમામ હક્કિત દર્દી સીવાયનાને ડોકટર આપી શકે નહિ. યુવક યુવતીના લગ્નના કિસ્સામાં ડોકટર તબીબી અભિપ્રાય આપે તો તે ડોકટરની ફરજનો ભંગ થતો નથી પરંતુ ડોકટર અને દર્દીનો સબંધ એ કરાર આધારીત છે તેમાં ચુક થાય તો દિવાની જવાબદારી ડોકટરની થાય છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

નિયુક્ત કરાયેલા ૧૪મા નાણાં પંચની ભલામણ મુજબ ૪૨ ટકા કરવામાં આવી હતી. અગાઉ પાંચમા નાણાં પંચે પછાત રાજ્યોને કેન્દ્ર તરફથી વિશેષ સહાય આપીને વિકાસની તક પૂરી પાડવાની ભલામણ કરી હતી. એટલે ૧૯૬૯થી એ જોગવાઈ અમલી બની હતી.સામાન્ય રીતે ડુંગરાળ પ્રદેશનાં રાજ્યોને અને ટાંચાં આર્થિક સાધન ધરાવતાં રાજ્યોને માટે આ જોગવાઈ મુજબ, વિશેષ રાજ્યનો દરજ્જો અપાતો હતો. એમાં ૧૧ રાજ્યોનો સમાવેશ કરાયો હતો. અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા એટલે કે ઈશાન ભારતનાં રાજ્યો ઉપરાંત જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ.

લોકસભાની મે ૨૦૧૪ની ચૂંટણીની સાથે જ આંધ્ર પ્રદેશમાંથી વિભાજિત થયેલાં બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. આંધ્ર પ્રદેશથી વિપરીત તેલંગણમાં કે.ચંદ્રશેખર રાવની તેલંગણ રાષ્ટ્ર સમિતિને બહુમતી મળી હતી. ચંદ્રશેખ રાવ મુખ્ય પ્રધાન બન્યા હતા. હવે એ રાષ્ટ્રીય રાજનીતિમાં જવાની તૈયારી કરી રહ્યા છે. અને રાજ્યનું સુકાન પોતાના પુત્ર કે.ટી.આર. એટલે કે કે.ટી. રામારાવને સોંપવા ઈચ્છુક હોવાથી પક્ષના ઉમેદવારોની ટિકિટોની વહેંચણી પણ કેટીઆરને સુપરત કરી રહ્યા છે.

ચંદ્રશેખર રાવની જેમ જ નર ચંદ્રબાબુ નાયડુ પણ પોતાના અનુગામી તરીકે પુત્ર નર લોકેશને તૈયાર કરી રહ્યા છે. ચંદ્રબાબુ પોતે સસરા એન.ટી. રામારાવને ઉથલાવીને ટીડીપીને કબજે કરી બેઠા છે. રામારાવનો પરિવાર પણ ભાજપ (દુગ્ગુબતી પુરન્દેશ્વરી - અગાઉ કોંગ્રેસના કેન્દ્રિય પ્રધાન અને હવે ભાજપી સાંસદ) તથા ટીડીપીમાં વિભાજિત છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીની સાથે જ બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ આવી રહી છે. આવા સંજોગોમાં ભાજપ-ટીડીપીના જોડાણમાં ખટરાગ છે.ચંદ્રશેખ રાવ કોંગ્રેના નેતૃત્વમાં એનડીએ-યુપીએ અને ભાજપથી અલગ ત્રીજા મોરચાની વેતરણમાં છે. આંધ્રમાં ફિલ્મસ્ટાર પવન કલ્યાણનો પક્ષ જનસેના પણ મેદાનમાં છે. અગાઉ એ ભાજપ-ટીડીપી સાથે હતો. જોકે, એણે હજુ છૂટાછેડા લીધા નથી, પણ ચંદ્રશેખર રાવના ત્રીજા મોરચાને ટેકો આપી રહ્યા છે. આગામી દિવસોમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી આંધ્ર અને તેલંગણમાં યોજાય એ પૂર્વે કર્ણાટક, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની ચૂંટણીમાં ભાજપ કેવું કાઠું કાઢે છે, એના પર તેલુગુ પ્રદેશ પર એનો પ્રભાવ નક્કી થશે. દરમિયાન, નવા વિપક્ષી મોરચા કેટલા બને છે એ ભણી સૌની મીટ છે.કોંગ્રેસના વડપણ હેઠળના યુપીએનાં અધ્યક્ષા સોનિયા ગાંધીએ વિપક્ષી એકતા માટે જે ડીનર યોજ્યું,એમાં ડાબેરીઓ અને તૃણમૂલના પ્રતિનિધિઓ પણ આવ્યા.નવાં સમીકરણો દેડકાની પાંચશેરી જેવા સંજોગોનાં દર્શન કરાવે છે.જો અને તો વચ્ચે રાષ્ટ્રીય રાજકારણ અટવાયેલું છે.જોકે વડાપ્રધાન મોદી સુપેરે જાણે છે કે વિપક્ષ એક થાય તો એમના પક્ષને મુશ્કેલી જરૂર પડે.સાથી પક્ષોના ટેકે સત્તામાં આવવાના સંજોગો એમને કઠે. વર્ષ ૨૦૧૯ આવતાં લગી તો નવા રૂપરંગ જોવા મળશે.અત્યારથી વિપક્ષના સર્વમાન્ય ઉમેદવારની કવાયત શરૂ થઈ ચૂકી છે અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી કેન્દ્રમાંથી મોદી સરકારને હટાવવા માટે અન્ય કોઈને પણ વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે સ્વીકારી લેવા તૈયાર છે.ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે.

haridesai@gmail.com

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનું**
**આદિજાતિ વિકાસ વિભાગ**
**બ્લોક નં. ૮, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૫૨૨૫૭**
**રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (RFP)**
સત્યમેવ જયતે
વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

**ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરના વર્ષ ૨૦૧૮-૧૯ની પસંદગી માટે**

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરની નિમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ્ડ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે રીકવ્સેટ ફોર પ્રપોઝલ (RFP) આમંત્રીત કરે છે.

RFPની સંપૂર્ણ વિગતો અમારી વેબસાઈટ http://vky.gujarat.gov.in તથા http://dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે. અથવા ઉપરોક્ત જણાવેલ સરનામા પરથી ઓફીસ સમય દરમિયાન 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેયેબલ એટ ગાંધીનગર'ના નામનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપીને ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| RFP કલેક્ટ કરવાની છેલ્લી તારીખ | ૨૭/૩/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે) |
| પ્રપોઝલ ડી-સેગ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | ૨૮/૩/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડૉક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૩૧/૩/૨૦૧૮ (૧૨.૦૦ કલાકે) |

**સહી/-**
**મુખ્ય કારોબારી અધિકારી**
**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**ગાંધીનગર**

**માહિતી/૨૯૮૦/૧૭-૧૮**